# ક્રિમી. કેસ નંબરઃ1233/2016.

# –ઃ આંકઃ–૧ લગત હુકમ ઃ–

મજકુર કામે ત.ક.અમલદારે આરોપી સામે ઈ.પી.કો.કલમઃ૧૮૮ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. જેની ફરીયાદ વંચાણે લેતાં પોલીસ કર્મચારીએ ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૫૪ મુજબ એફ.આઈ.આર. તરીકે દાખલ કરાવેલ છે અને ત્યારબાદ ત.ક.અમલદારે તે બાબતે તપાસ કરી ચાર્જશીટ રજુ કરેલ છે. પરંતુ આ બાબતે કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેતાં, ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫(૧) બી ની જોગવાઈ ઘ્યાને લેતાં કલમઃ ૧૮૮ મુજબના ગુનાની ફરીયાદ જે જાહેર સેવકના જાહેરનામાનો ભંગ કરવામાં આવેલ હોય તે જાહેર સેવકની લેખિત ફરીયાદ વગર કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહી કે કાર્યવાહી આગળ ચલાવી શકે નહી અને આ હકીકત નામદાર સર્વોચ્ચ અદાલતે દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૬૨ પાન નં. ૧૨૦૬, તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે રતનલાલ ડુંગરજી પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.મી. એ. નં. ૧૯૯૮૬/૧૪ ના કામે તથા નામદાર પટના હોઈકોર્ટે ગૌરીશંકર ઝા વિ. ચિંતનનાથ ઝા ના કેસમાં તથા નામદાર દીલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ વિ. અમીત સિબ્બલ ક્રિ. મી. એ. નં. ૧૮૯૨૦-૨૧/ ૧૩ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે. તે તમામ હકીકત સી.આર.પી.સી. ૧૯૫ ની જોગવાઈઓ સાથે ઘ્યાને લેતાં જાહેર સેવકની લેખિત ફરીયાદ કે જે ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨(ડી) માં જણાવેલ છે તે સિવાય ઈ.પી. કો. કલમઃ ૧૮૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ આ કોર્ટ લઈ શકે તેમ નથી કે, કેસની કાર્યવાહી આગળ ચલાવી શકે તેમ નથી. વઘુમાં સદર ચાર્જશીટ જોતાં ઉપરોકત કોઈ જોગવાઈનું પાલન કરવામાં આવેલ હોવાનું ફલીત થતુ નથી. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને મુનાસીબ જણાતુ ન હોઈ ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨૫૮ ની જોગવાઈ મુજબ સદર કેસની આગળની કાર્યવાહી ડ્રોપ કરતો હુકમ કરવા ન્યાયોચીત જણાતુ હોઈ હું નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવુ છુ.

## –ઃ હુ ક મ ઃ–

સદર કેસની કાર્યવાહી ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨૫૮ ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા..૧૦/૨/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ

**(અર્ચિત નિલમભાઈ વોરા)**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૪૯

આર.કે.સોનારા.